# આત્મધર્મ



તારી હોંશિયારી તો ત્યારે કહેવાય કે ભાઈ ! તું પરમેશ્વર છો એમ તારી પરીક્ષા કર.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૬ સં. ૨૦૬૨ [૭૪૭] * આત્મધર્મ * [અંક-૭ વર્ષ-૬૨] વીર સં. ૨૫૩૨ જાન્યુઆરી-૨૦૦૬

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ વિનય વિના મુક્તિ નહીં હૈ, ઈસલિયે વિનયકા ઉપદેશ હૈ. વિનયમેં બડે ગુણ હૈં, જ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ, માનકષાયકા નાશ હોતા હૈ, શિષ્ટાચારકા પાલના હૈ ઔર કલહકા નિવારણ હૈ—ઈત્યાદિ વિનયકે ગુણ જાનને. ઈસલિયે જો સમ્યગ્દર્શનાદિસે મહાન હૈ ઉનકા વિનય કરો યહ ઉપદેશ હૈ ઔર જો વિનય વિના જિનમાર્ગસે ભ્રષ્ટ ભયે, વસ્ત્રાદિક સહિત જો મોક્ષમાર્ગ માનને લગે ઉનકા નિષેધ હૈ. ૯૧૨.

*(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૧૦૪નો ભાવાર્થ)*

❀ મનુષ્યેન્દ્રો, અસુરેન્દ્રો અને સુરેન્દ્રો સ્વાભાવિક (અર્થાત્ પરોક્ષ જ્ઞાનવાળાઓને જે સ્વાભાવિક છે એવી) ઈન્દ્રિયો વડે પીડિત વર્તતા થકાં તે દુ:ખ નહિ સહી શકવાથી રમ્ય વિષયોમાં રમે છે. ૯૧૩. *(શ્રી કુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર, ગાથા-૬૩)*

❀ શંકા :—સમ્યગ્દૃષ્ટિ જીવને તો પુણ્ય-પાપ બંને હેય છે, તો તે પુણ્ય કેમ કરે? ત્યાં યુક્તિ સહિત સમાધાન આપે છે—જેમ કોઈ મનુષ્ય બીજા દેશમાં રહેતી (પોતાની) મનોહર સ્ત્રીની પાસેથી આવેલ મનુષ્યોને તે અર્થે દાન આપે છે અને સન્માન વગેરે કરે છે, તેમ સમ્યગ્દૃષ્ટિ પણ ઉપાદેયરૂપે નિજ શુદ્ધાત્માની જ ભાવના કરે છે અને જ્યારે ચારિત્રમોહના ઉદયથી તેમાં (શુદ્ધાત્માની ભાવના કરવામાં) અસમર્થ હોય છે ત્યારે નિર્દોષ પરમાત્મસ્વરૂપ અર્હંત અને સિદ્ધોની તથા તેમના આરાધક આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓની, પરમાત્મપદની પ્રાપ્તિ માટે અને વિષય-કષાયોથી બચવા માટે, દાન-પૂજા વગેરેથી અથવા ગુણોની સ્તુતિથી પરમ ભક્તિ કરે છે. ૯૧૪.

*(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૩૮ની ટીકામાંથી)*

❀ હે ચિત્ત! તેં બાહ્ય સ્ત્રી આદિ પદાર્થોમાં જે સુખ જોયું છે તેમાં તને ભ્રાંતિથી ચિરકાળ સુધી અનુરાગ થયો છે, છતાં પણ તું તેનાથી અધિક સંતપ્ત થઈ રહ્યો છે. તેથી તેને છોડીને પોતાના અંતરાત્મામાં પ્રવેશ કર. તેના વિષયમાં સમ્યગ્જ્ઞાનના આધારભૂત ગુરુ પાસેથી એવું કાંઈક સાંભળવામાં આવે છે કે જે પ્રાપ્ત થતાં સમસ્ત દુ:ખોથી છૂટકારો પામીને અવિનશ્વર (મોક્ષ) સુખ પ્રાપ્ત કરી શકાય છે. ૯૧૫.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અધિ.-૧, શ્લોક-૧૪૩)*

❀ ❀ ❀

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૨
અંક-૯
[૭૪૭]

વીર
સંવત
૨૫૩૨
સં. ૨૦૬૨
January
A.D. 2006




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# હે આત્મા! અંદરમાં જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાત્મા બિરાજે છે તેની પક્કડ કર!

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં.-૧૩૪)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૯૦ મી ગાથાનો છેલ્લો ભાગ બાકી રહ્યો છે.

આચાર્યદેવ કહે છે કે જેને પોતાનું હિત કરવું છે તેણે પ્રથમ સમ્યગ્દર્શન પૂર્વક મનનું મુંડન કરવું જોઈએ. મનના મુંડન વગર માત્ર શિરનું મુંડન અને બાર વ્રત પાળવાથી પરિગ્રહનો ત્યાગ થતો નથી. છતાં પોતાને પરિગ્રહત્યાગી માને છે તે પોતાના આત્માને ઠગે છે.

જુઓ! આવું કથન સાંભળી-સમજીને નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમ આનંદસ્વરૂપને અંગીકાર કરીને ત્રણકાળ, ત્રણલોકમાં મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદનાથી દેખેલા, સાંભળેલા અને અનુભવેલાં જે પરિગ્રહ—તેની વાંછા સર્વથા ત્યાગવી જોઈએ. કારણ કે 'પરિગ્રહ' શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત છે.

શરીર, વાણી અને કર્મ તો પરિગ્રહ છે પણ શુભ અને અશુભભાવ પણ પરિગ્રહ છે. તેની રુચિ-દૃષ્ટિ છોડીને પોતાના નિર્મળાનંદ ભગવાન આત્મામાં એકાગ્રતાથી જે આત્માનો આનંદ આવે તે દ્વારા મારો આખો આત્મા આનંદમય છે એમ અંતરમાં પોતાના આત્માની પક્કડ કર!

'પરિગ્રહ'નો અર્થ પક્કડ થાય છે. બધાં પરિગ્રહની દૃષ્ટિ છોડીને નિજ આત્માની

અંદર શક્તિમાં જે આનંદ અને શાંતિ પડ્યા છે તેને સ્વસંવેદન વડે પ્રગટરૂપ કરીને આનંદ અને શાંતિનો અનુભવ કરવો તે ધર્મીનો પરિગ્રહ છે. તેના વડે જ આખા આત્માની પ્રતીતિરૂપ પક્કડ થાય છે કે આ હું આત્મા છું.

સમ્યગ્દૃષ્ટિ અને મુનિધર્માત્મા તેને કહેવાય કે જેને શુભરાગ આવતો હોવા છતાં તેની પક્કડ નથી, પોતાના શુદ્ધ જ્ઞાનાનંદમૂર્તિ શુદ્ધાત્માની પક્કડ છે. મુનિરાજને તો અશુભભાવ નથી અને શુભભાવ બહુ જ અલ્પ રહી ગયો છે તેની પણ મુનિને પક્કડ નથી.

૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં દિગંબર સંત યોગીન્દુદેવ આપણને સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ કહેલી વાત જ કહે છે. શાસ્ત્રનું નામ પરમાત્મપ્રકાશ છે ને! સમયસાર કહો કે પરમાત્મપ્રકાશ કહો—બંને એક જ વાત છે. તેમાં કહેલી વાત સમજે નહિ તો એ શું સમજ્યો? માટે, સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત કરવું છે તેણે પ્રથમ આ વાંચવું. અનાદિથી પરિભ્રમણ કરી રહેલાં મિથ્યાદૃષ્ટિને કુંદકુંદ આચાર્ય આ સમયસાર સંભળાવે છે. અનંતકાળમાં જીવે આ વાત સાંભળી નથી. નગ્ન દિગંબર સાધુ થઈને, શુક્લલેશ્યાના પરિણામ કરીને નવમી ગ્રૈવેયક તો અનંતવાર જઈ આવ્યો પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કદી કરી નથી. આ કાળે અત્યારે સમ્યગ્દર્શન તો થઈ શકે છે. શુક્લલેશ્યા તો આ કાળે કોઈને હોય નહિ એવા ઉજ્જ્વળ પરિણામ કરીને તેના ફળમાં ગ્રૈવેયકમાં જીવ જઈ આવ્યો પણ કુંદકુંદ આચાર્ય કહે છે કે આત્માના હિતની આ વાત એણે કદી સાંભળી નથી કે એક વિકલ્પમાત્ર પણ મારા સ્વરૂપમાં નથી, રાગનું ઉત્થાન છે તે આત્મતત્ત્વ નથી. વિકલ્પમાત્રથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વભાવ તે આત્માનો સ્વભાવ છે એવા સ્વભાવની પક્કડ કરવી તે સમ્યગ્દૃષ્ટિનો સાચો પરિગ્રહ છે.

મિથ્યાદૃષ્ટિને શરીર હું છું અને શરીરના કાર્ય હું કરી શકું છું, પરજીવની દયા હું પાળી શકું છું અથવા પરની હિંસા કરી શકું છું એવો મિથ્યા અભિપ્રાય જ મિથ્યાદૃષ્ટિનો પરિગ્રહ છે. હું દયા-દાન પાળીને બીજાનું હિત કરું છું એવા શુભપરિણામ એ પણ મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વ સહિતનો પરિગ્રહ છે.

स्वशुद्धात्मभावनोत्थवीतरागपरमानंदपरिग्रहं कृत्वा..... આ ગાથાનો આ શબ્દ મહાસિદ્ધાંત છે. જિનાગમનો એક સિદ્ધાંત પણ જો જીવ યથાર્થ સમજી લે તો એકને જાણ્યો તેણે સર્વ જાણ્યું. સર્વ શાસ્ત્રનું રહસ્ય એના ખ્યાલમાં આવી જાય છે.

અહો! ભગવાન આત્માએ મિથ્યાદૃષ્ટિપણે શુભાશુભરાગને પોતાનું સ્વરૂપ માન્યું, તેનાથી પોતાનું હિત માન્યું અને હું જીવતો જીવ બેઠો છું માટે શરીરના કાર્ય થાય છે, હું ન હોઉં તો જડમાં કાર્ય કેવી રીતે થાય!! એવું અનાદિથી અજ્ઞાની જીવોએ માની રાખ્યું

છે. એથી જ શરીર અને રાગ એ જ જીવનો પરિગ્રહ છે. મિથ્યાત્વ-પરિગ્રહે જ એને પકડી લીધો છે. એમાંથી છૂટીને પોતાના સ્વભાવમાં એકત્વ કરે તો જે આનંદ આવે એ આનંદ દ્વારા 'આ જ હું આત્મા છું' એવી પ્રતીતિ સહિત અનુભવ થાય છે. એ મોક્ષમાર્ગના પ્રથમ સોપાનરૂપ પ્રથમ અંકુર છે. ચોથા ગુણસ્થાને આ અંકુર પ્રગટ થઈ જાય છે તેના વગર વ્રતધારી શ્રાવક કે સાધુપણું યથાર્થ હોઈ શકતું નથી.

વીતરાગભગવાનની ભક્તિનો ભાવ પણ શુભરાગ છે તેનાથી મારું હિત થશે એવી માન્યતાને મિથ્યાત્વ-પરિગ્રહ કહેવાય છે. ૯૧મી ગાથામાં નીચે જ આવે છે કે મિથ્યાત્વ અને રાગાદિ એ જીવનો સચિત્ત પરિગ્રહ છે. સૂક્ષ્મ વાત છે ભાઈ! અનંતકાળમાં એણે પરસ્વરૂપની પક્કડ કદી છોડી નથી અને નિજસ્વરૂપની પક્કડ કદી કરી નહિ તેથી આ દશા છે. અંતરના ઊંડાણમાં એને એવો અભિપ્રાય પડ્યો છે કે હું 'આત્મા' છું તો દેહ છે અને રાગ છે, તો એણે આત્માને રાગની ખાણ માની છે. ત્યારે અહીં તો વીતરાગદેવ કહે છે કે આત્મા રાગની નહિ પણ વીતરાગી આનંદની ખાણ છે. રાગ-દ્વેષ, શુભાશુભવૃત્તિ ઉઠે છે તે આત્માની ખાણમાં નથી. આત્માના દ્રવ્ય-ગુણમાં તો રાગ છે જ નહિ. એક સમયની પર્યાયમાં મિથ્યાદૃષ્ટિ વિભાવરૂપ કૃત્રિમભાવને ઉત્પન્ન કરે છે. મિથ્યાદૃષ્ટિને વિભાવનો પ્રેમ છે તેથી તેને ઉત્પન્ન કરે છે જ્યારે સમ્યગ્દૃષ્ટિને વિભાવ ઉત્પન્ન થાય છે તે તેની કમજોરીના કારણે થાય છે, વિભાવનો પ્રેમ નથી. જ્ઞાની તો આનંદસ્વરૂપ પરિગ્રહને પ્રેમથી અંગીકાર કરીને વિભાવના પરિગ્રહને છોડે છે.

પરમાનંદસ્વરૂપ નિજ ચૈતન્યભગવાનનો આશ્રય લીધા વિના તેની પક્કડ કર્યા વિના—વર્તમાનદશામાં તેનો આધાર લીધા વિના ત્રણકાળમાં કોઈને સમ્યગ્દર્શન થતું નથી. જે મંદકષાય કે શુભરાગથી પોતાનું કલ્યાણ થશે એમ માને છે તેણે રાગની પર્યાયને પોતાના વીતરાગ સ્વભાવનો આધાર માન્યો છે એ સમજાય છે?

સર્વજ્ઞ ત્રિલોકીનાથના આ પ્રતિનિધિ 'યોગીન્દુદેવ' કહે છે કે હે આત્મા! અંદરમાં જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાત્મા બિરાજે છે તેની પક્કડ કર! મારું સ્વરૂપ આ જ છે એવી માન્યતા બનાવ! તેની પક્કડ કરીને તેમાં એકાગ્રતા કર! એ જ સમ્યગ્દૃષ્ટિએ રાખવા યોગ્ય પરિગ્રહ છે એ સિવાય શુભાશુભરાગ એ ધર્મીનો પરિગ્રહ નથી, દેહ એ ધર્મીનો પરિગ્રહ નથી.

આત્માના આધારે દેહ નથી અને દેહના આધારે આત્મા નથી. એક એક પરમાણુને પોતાનો આધાર છે કેમ કે દરેકમાં પોતપોતાના ષટ્કારક રહેલાં છે. (૧) કર્તા (૨) કર્મ (૩) કરણ (૪) સંપ્રદાન (૫) અપાદાન (૬) અધિકરણ, માટે દરેક પરમાણુ પોતાના આધારે

ટકેલાં છે. નીચેની વસ્તુના આધારે રહ્યાં નથી. આ પટ્ટી પુસ્તકના આધારે રહેલી નથી. તેના દરેક પરમાણુને પોતાનો આધાર છે.

અરે! એણે કદી દરકાર પણ કરી નથી કે ધર્મ શું ચીજ છે!

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ જ્યોત પ્રભુ છે. તેનો અનુભવ કરવામાં, પ્રતીતિ કરવામાં સાથે શુભરાગ અને મંદકષાય આવે છે માટે એ રાગથી મને સમ્યગ્દર્શન થશે એમ માનનારે રાગને પોતાના સ્વભાવનો આધાર માન્યો—એ વિપરીત માન્યતા જ મિથ્યાદૃષ્ટિનો પરિગ્રહ છે. આત્મા તો રાગના વિકારરૂપ ઝેરથી ભિન્ન સ્વરૂપે રહેલો છે. આત્મા અમૃતસ્વરૂપ છે તો એ ઝેર દ્વારા અમૃત કેમ પ્રગટ થાય! ઝેરને અમૃતનું કારણ માનવું એ મિથ્યાદૃષ્ટિનો પરિગ્રહ છે. આ મકાન-દુકાન આદિ પણ મમતાના પરિગ્રહ છે. અહીં તો આપણે સમતાના પરિગ્રહની વાત કરવી છે. સમતા એ જ વીતરાગભાવ છે.

જૈનસાધુ થઈને અઠ્ઠાવીસ મૂળગુણ પાળ્યા, શિરના મુંડન કર્યાં પણ મનના મુંડન ન કર્યાં અર્થાત્ મારી ચૈતન્યવસ્તુ શું છે તેની ઓળખાણ કરીને અનુભવ કદી ન કર્યો. અને અનુભવ વિના તો બધી ક્રિયા ચાર ગતિમાં રખડાવવાવાળી છે.

વીતરાગમારગ દુનિયાને રુચતો નથી અને તેનાથી ઉલટો મારગ રુચે છે. કોઈ સુલટો મારગ બતાવે તો કહે છે કે આ તો એકાંત છે. અરે ભાઈ! આ મારગમાં એકાંત છે કે તારો મારગ એકાંત છે એ તો સમજ! ભગવાન આત્મા સમ્યક્ ચિદાનંદમૂર્તિ અનંત આનંદનો કંદ છે એવી દૃષ્ટિ કરીને આનંદ પ્રગટ કરવો એ તારા હિતનું કાર્ય છે. આ આનંદ છે તે જ આત્મા છે એમ આનંદ વડે આત્માની પક્કડ કરવાની છે. શુદ્ધસ્વભાવની પ્રતીતિ, જ્ઞાન અને અનુભવ કરનાર પર્યાય જ એવી પક્કડ કરે છે કે આ 'હું આત્મા છું' એવી દૃષ્ટિ કરનાર આત્માને ભગવાન 'સમ્યગ્દૃષ્ટિ' કહે છે.

ઘણાંને એમ હોય છે કે સમ્યગ્દૃષ્ટિ થાય એટલે બધી બાહ્ય પ્રવૃત્તિ છોડીને નિવૃત્ત થઈને બેસી જતાં હશે. અને અહીં તો સમ્યગ્દૃષ્ટિને બધી જ પ્રવૃત્તિ ચાલુ હોય છે એટલે કાલે કોઈ પૂછતું હતું કે સમ્યગ્દૃષ્ટિને સદાય આત્માનું લક્ષ રહેતું હશે? હા. પ્રવૃત્તિ કોણ કરે છે! હું આત્મા જ્ઞાનાનંદ છું એવું લક્ષ સદાય રહે છે. એકવાર નિજપરમાત્માની દૃષ્ટિ થઈ પછી ત્રણકાળમાં એ દૃષ્ટિ ફરતી નથી. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણકાળમાં ક્યારેક પણ શુભભાવની રુચિ રહેતી નથી. પૂર્વે મને શુભભાવ થયો હતો માટે પુણ્ય બંધાયું તેના ફળમાં આવું શરીર મળ્યું અને આ સાંભળવા તો મળ્યું ને! એવી રુચિ તે મિથ્યાત્વનો પરિગ્રહ છે. સાંભળવાથી લાભ થતો નથી, પોતાના સ્વભાવના આશ્રયે લાભ થાય છે.

ત્રણકાળમાં શુભ-અશુભરાગ કે દેહની ક્રિયા મારી નથી, વર્તમાનમાં મારી નથી, ભૂતકાળમાં હતી તે મારી ન હતી અને ભવિષ્યમાં થશે તે મારી નહિ. પરિગ્રહ તો મારો નથી પણ શુભ-અશુભરાગને પણ કરવો છોડી દઉં છું, પૂર્વે કર્યો તે મારો સ્વભાવ ન હતો અને ભવિષ્યે રાગ થશે એ પણ મારો નહિ એમ ધર્મી ત્રણકાળમાં રાગને ક્યારેય પોતાનો સ્વભાવ માનતાં નથી.

જે કોઈ પદાર્થો મારા દેખવામાં આવ્યા છે, સાંભળવામાં આવ્યા છે અને અનુભવમાં આવ્યાં છે તે સર્વની વાંછાં હું મનથી, વચનથી, કાયાથી અને કૃત–કારિત–અનુમોદનથી સર્વ પ્રકારે તજું છું. ધર્મીજીવ પોતાના સ્વરૂપની દૃષ્ટિપૂર્વક આ રીતે ત્રણકાળના સર્વ પરિગ્રહની મમતા સર્વ પ્રકારે દૃષ્ટિમાંથી છોડી દે છે.

પરિગ્રહ કેવા છે? કે શુદ્ધ આત્માની અનુભૂતિથી વિપરીત છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી દેહ અને દેહની ક્રિયા, કર્મોનું બંધન અને શુભ-અશુભરાગ—બધું વિપરીત છે. પોતાના શુદ્ધ ભગવાન આત્માની અનુભૂતિથી એટલે સમ્યગ્દર્શનરૂપ વીતરાગીપર્યાયથી દેહની ક્રિયા અને રાગની ક્રિયા બધી વિપરીત છે.

અરે! માંડ મનુષ્યપર્યાય મળે છે. તેમાં આ વીતરાગી વાણી તો સાંભળવા પણ ન મળે એવી દુર્લભ ચીજ છે. વ્રત, ભક્તિ, ક્રિયા કરો—ક્રિયા કરતાં કરતાં તમારું કલ્યાણ થઈ જશે એવી વાત સાંભળવા મળે. એ સાંભળીને માની લે છે તેને મિથ્યાત્વ થાય છે પણ ધર્મ થતો નથી. આ સત્ ભાષા અને ભાવ લોકોને બહુ કડક લાગે છે પણ આ માન્યા વિના ત્રણકાળ ત્રણલોકમાં હિત થવાનું નથી. આજ સમજે, કાલ સમજે, પછી સમજે.....પણ આ સમજશે તેનું કલ્યાણ થશે. સમ્યગ્દર્શન વિના કદી કલ્યાણ થવાનું નથી.

જુઓ! વીતરાગ શુદ્ધ ચિદાનંદસ્વભાવની દૃષ્ટિ થઈ તો સમ્યગ્દૃષ્ટિને પોતાની નિર્મળ પર્યાય અને નિર્મળપર્યાયવાન આત્મા સિવાય બધી ક્રિયા વિપરીત દેખાય છે. આ ૯૦ મી ગાથાનો સાર છે.

હવે ૯૧ મી ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે સર્વસંગના ત્યાગરૂપ જિનમુદ્રાને ગ્રહણ કરીને પછી ફરી પરિગ્રહને ધારણ કરે છે તે વમન કરીને પાછુ ગ્રહણ કરે છે એના જેવું નિંદ્ય છે.

જેમ કોઈ ભોજન કર્યા પછી વમન કરીને તેને ફરી ગ્રહી લે તેની જેમ, બાહ્ય પરિગ્રહ છોડીને કોઈ જિનમુદ્રા ગ્રહી લે અને પછી પરિગ્રહને ફરી ગ્રહણ કરે—શુભાશુભરાગ મારો સ્વભાવ છે અને આ દેહાદિ મારા છે એમ માનવા લાગે છે તેણે છોડેલો પરિગ્રહ ફરી

ગ્રહણ કરી લીધો છે—એમ આ ગાથા કહે છે.

जे जिण-लिंगु धरेवि मुणि इट्ठ-परिग्गह लेंति।
छद्दि करेविणु ते जि जिय सा पुणु छद्दि गिलंति॥९१॥

અર્થ :—જે મુનિ જિનલિંગ ગ્રહણ કરીને ફરીને પરિગ્રહને ગ્રહણ કરે છે તેઓ, હે જીવ! વમન કરેલા પરિગ્રહના ભાવને ફરી કરવા લાગે છે.

હવે પરિગ્રહની વ્યાખ્યા કરે છે તે બહુ સમજવા જેવી છે. પોતાના સ્વરૂપથી પર એવો પરિગ્રહ કેવો કેવો હોય છે તેના પ્રકાર કહે છે. નિજ ભગવાન શુદ્ધ ચિદાનંદ છે તે જ પોતાનો પરિગ્રહ છે તેના સિવાય વિકલ્પથી લઈને જે કોઈ પરપદાર્થમાં મમતા છે તે પરિગ્રહ છે. તેના ત્રણ પ્રકાર છે. તેમાં પ્રથમ ગૃહસ્થની અપેક્ષાએ પરિગ્રહના ત્રણ ભેદ આ પ્રમાણે છે. (૧) પુત્ર, કલત્રાદિ–સ્ત્રી, કુટુંબ આદિ સચિત્ત પરિગ્રહને પોતાના માનવા તે સચિત્ત પરિગ્રહ છે. (૨) દાગીના, કપડાં, મકાન આદિને મારા માનવા તે અચેતન પરિગ્રહ છે. (૩) દાગીના, કપડા સહિત સ્ત્રી, પુત્રાદિ મિશ્ર પરિગ્રહ ગણાય છે.

સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ આ સચિત્ત, અચિત્ત કે મિશ્ર ત્રણમાંથી કોઈને પોતાના માનતા નથી.

સાધુને ગૃહસ્થ જેવો પરિગ્રહ તો હોતો નથી તો સાધુને શેનો પરિગ્રહ હોય છે તે પણ ત્રણ પ્રકારે બતાવે છે.

(૧) શિષ્ય આદિનો સચેતનો પરિગ્રહ સાધુને પણ હોય છે.

(૨) પીંછી, કમંડલ, પુસ્તક આદિ અચેત પરિગ્રહ છે. અને

(૩) પીંછી, કમંડલ આદિ સહિત શિષ્ય આદિ મિશ્ર પરિગ્રહ છે.

આ બધાં પરપદાર્થ છે તેને પોતાના માને તો તે સાધુને મિથ્યાત્વનો પરિગ્રહ છે. તો શું કરવું? બધું છોડી દેવું? અરે ભાઈ! એ કાંઈ તારું ક્યાં હતું? એ તો છૂટું જ પડ્યું છે. જે વસ્તુ ભિન્ન છે તેને પોતાની માનવી એ જ મિથ્યાત્વનું લક્ષણ છે. માટે, અહીં ભેદજ્ઞાન વડે જુદાં જાણવાનું બતાવે છે. મારો આનંદકંદ સત્‌ચિદાનંદ પ્રભુ જ મારી વસ્તુ છે એ સિવાય બીજી કોઈ ચીજ મારી નથી. હું તો પરથી રહિત અપરિગ્રહી છું. સાચા સાધુને પીંછી, કમંડલ, શિષ્ય આદિ સાથે દેખાતાં હોવા છતાં અંતરમાં તેની સાથે એકત્વ નથી, તો મિથ્યાત્વ નથી અને કોઈ સાધુને શિષ્યાદિનો સંયોગ ન દેખાવા છતાં તેના અંતરમાં એવો

અભિપ્રાય છે કે આ વસ્તુ વગર મારે ન ચાલે, પીંછી, કમંડલ, શિષ્ય, આદિ મને મારા કાર્યમાં સહાયક છે એમ માનવું તે જ મિથ્યાત્વનો મોટો પરિગ્રહ છે.

હવે સાધુઓને ભાવોની અપેક્ષાએ પણ ત્રણ પ્રકારના પરિગ્રહ આ પ્રમાણે છે. (૧) મિથ્યાત્વ, રાગાદિભાવ એ સચિત્ત પરિગ્રહ (૨) દ્રવ્યકર્મ અને નોકર્મ એ અચિત્ત પરિગ્રહ છે અને (૩) દ્રવ્યકર્મ ભાવકર્મ મળીને મિશ્ર પરિગ્રહ કહેવાય છે.

સાચા સાધુને આ ત્રણેય પરિગ્રહ છૂટી ગયા હોય છે, તો જ તેમને સમકિતી સાચા સાધુ કહેવાય છે.

વિપરીત માન્યતારૂપ જીવનો મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ આદિ વિકારીભાવ સચિત્ત પરિગ્રહ ગણાય છે. આઠ પ્રકારના જડકર્મ છે તે જડ હોવાથી અચિત્ત પરિગ્રહ કહેવાય છે તે કર્મ મારા છે એમ માનવું તે વિપરીત માન્યતા છે. શરીર, વાણી, મન પણ અચિત્ત છે તેમાં મારાપણાની પક્કડ છે તો તેને ચૈતન્યની પક્કડ હોય જ નહિ અને જેને સાચી શ્રદ્ધામાં શુદ્ધાત્માની પક્કડ થાય તેને શરીરાદિમાં મારાપણાની પક્કડ હોય જ નહિ. તેને તો એ બધાં જ્ઞાનના જ્ઞેયમાત્ર છે.

અરે! સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો વીતરાગ પવિત્ર નિર્મળ માર્ગ લોકોને સમજવો કઠણ પડે છે એટલે એમ થાય કે આવો માર્ગ હોય! પણ આ જ માર્ગ છે. તેં સાંભળ્યો ન હોય તેથી માર્ગ કાંઈ બદલાઈ જાય?

જડકર્મ અને દયા-દાન-વ્રતાદિના ભાવ મળીને જે મિશ્ર પરિગ્રહ છે તેને મારા માનનારને પણ સ્વરૂપની ખબર નથી. ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદની દૃષ્ટિનો તેને અભાવ છે. સાધુને આ બધાં પરિગ્રહમાં મારાપણાની દૃષ્ટિ છૂટી ગઈ હોય છે તોપણ અસ્થિરતાવશ વિકલ્પનો પરિગ્રહ રહે છે તેના પણ ત્રણ પ્રકાર આ પ્રમાણે છે.

(૧) વીતરાગ ત્રિગુપ્તિમાં લીન ધ્યાની પુરુષની અપેક્ષાએ સિદ્ધપરમેષ્ઠીનું ધ્યાન-સચિત્ત પરિગ્રહ છે.

(૨) પુદ્ગલ આદિ પાંચ દ્રવ્યનો વિચાર અચિત્ત પરિગ્રહ છે અને

(૩) માર્ગણાસ્થાન, જીવસમાસ આદિરૂપ સંસારીજીવનો વિચાર મિશ્ર પરિગ્રહ છે.

સિદ્ધ પરમેશ્વરનું ધ્યાન કરવું એ વિકલ્પ છે. ગૃહસ્થ સમકિતી અને સાધુને એવું ધ્યાન હોય છે પણ જો તે વિકલ્પને જ પોતાના માની લે તો એ સમકિતી કે સાધુ નથી

અને વિકલ્પ તો આવે પણ તેને પોતાનું સ્વરૂપ ન માને તો એ માત્ર ચારિત્રનો દોષ છે, મિથ્યાત્વ કે અજ્ઞાન નથી, કેમ કે રાગથી અને જડની ક્રિયાથી મારું સ્વરૂપ ભિન્ન છે એવી અનુભવદૃષ્ટિ થઈ છે અને સ્વરૂપમાં શાંતિ....શાંતિ....શાંતિ થઈ ગઈ છે. તેથી યથાર્થ માર્ગમાં છે તોપણ, વીતરાગસ્વરૂપમાં પૂર્ણ સ્થિરતા થઈ નથી ત્યાં સુધી સિદ્ધના સ્વરૂપનો વિચાર કરવાનો ભાવ આવે છે. એ પણ રાગ છે, ચારિત્રનો દોષ છે. માટે, તેને પણ છોડ્યા વિના વીતરાગદશા થતી નથી.

અરે! આ બધું પુસ્તક વાંચે વિચારે તો ખબર પડે ને! દુકાનના ચોપડાના ખાતા રોજ વાંચે કે કેટલાં લેણાં આવ્યા! કેટલાં ગયા! વગેરે....

અહીં તો કહે છે કે શરીર, રાગાદિથી ભિન્ન પોતાના સ્વરૂપનું ભાન કર્યું છે તો સમકિત તો રહેશે પણ જ્યાં સુધી સિદ્ધિના ધ્યાનનો પણ વિકલ્પ રહેશે ત્યાં સુધી વીતરાગદશા નહિ થાય. માટે, વીતરાગદશાની અપેક્ષાએ આવા શુભવિકલ્પ પણ રાગ અને પરિગ્રહ છે. કોઈ પણ પરદ્રવ્ય હો તેનું લક્ષ કરવાથી રાગ આવે જ છે. સમ્યગ્દૃષ્ટિને પ્રશસ્તરાગ તો આવે છે પણ છે એ પરિગ્રહ, માટે દોષરૂપ છે, ચારિત્રદોષ છે. જુઓ! પરિગ્રહની કેટલી સૂક્ષ્મ વ્યાખ્યા લીધી છે! પૈસા, મકાન, કપડાં, સ્ત્રી, કુટુંબ અને શુભાશુભભાવરૂપ પરિગ્રહની દૃષ્ટિ છોડીને શુદ્ધસ્વરૂપનું ભાન કર્યું તોપણ, જ્યાં સુધી મહાવ્રતાદિનો રાગ આવે છે તે પણ પરિગ્રહ છે, ચારિત્રનો દોષ છે. સિદ્ધના વિકલ્પ આવે છે તે પણ રાગ છે—ચારિત્ર દોષ છે, રાગ છે પણ રાગથી લાભ થશે એવી દૃષ્ટિ નથી તેથી મિથ્યાત્વ નથી.

સમ્યગ્દૃષ્ટિને અને સાચા મુનિને પોતાના આનંદસ્વરૂપની દૃષ્ટિ છે, શુભવિકલ્પ ઉપર દૃષ્ટિ નથી, છતાં સિદ્ધપરમેષ્ઠીનું ધ્યાન કરવાનો વિકલ્પ આવે છે તે પણ દોષ છે એમ સ્વીકાર કરવું. કેમ કે આ વાત એવી છે કે તેનું લક્ષ એણે કદી આપ્યું જ નથી. આ વાત કાંઈ આજ-કાલની નથી. ૯૦૦ વર્ષ પહેલાં યોગીન્દુદેવ આ લખી ગયા છે. તે ગાથાની ટીકામાં જ આવા અર્થ ભર્યાં પડ્યાં છે.

સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન કેવળજ્ઞાન નથી તેથી રાગ તો આવે છે પણ રાગથી લાભ થવાની માન્યતા નથી. પંચપરમેષ્ઠીના સ્વરૂપનું ધ્યાન કરવાનો વિકલ્પ તો આવે છે પણ તેને દોષરૂપ જાણે છે. એ દોષનો અભાવ કરે છે ત્યારે વીતરાગતા પ્રગટ થાય છે. કોઈ એમ માની લે કે આવા વિકલ્પો આવે છે તે સ્વભાવને મદદ કરે છે—એમ નથી.

ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મલ નીર,
ધોબી અંતર આતમા, ધોવે નિજગુણ ચીર. —શ્રી નાટક સમયસાર

જેટલાં શુભાશુભરાગ થાય છે તે મેલ છે. હું તો નિર્મળાનંદ ભગવાન છું એમ પોતાના ગુણમાં એકાગ્ર થઈને જ્ઞાની મેલને ધોઈ નાંખે છે. હું તો શુદ્ધ આનંદકંદ છું, રાગ અને શરીરથી ભિન્ન છું, એવું ભેદજ્ઞાન કરનારા અંતરાત્મા જ વિકારના મેલને ટાળી શકે છે.

આ સચિત્ત પરિગ્રહની વાત થઈ હવે અચિત્ત પરિગ્રહની વાત આવશે. છ દ્રવ્યમાંથી પાંચ દ્રવ્ય અચેત છે તે અચેત સંબંધી વિચારને અચેત પરિગ્રહ કહ્યો છે કેમ કે એ પણ રાગ છે માટે તેને છોડીને સ્થિર થવું. રાગરૂપ અસ્થિરતા પણ દોષ છે, લાભ નથી માટે તેને છોડીને વીતરાગ થવાય છે. (ક્રમશઃ)

---

ભાઈ! આ વીતરાગે કહેલાં તત્ત્વની વાતો બહુ ઝીણી ને અપૂર્વ છે. જે પુણ્ય-પાપના ભાવો છે, રાગ-દ્વેષ છે, દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધ આદિના ભાવો છે—એ બધાં પુદ્‌ગલના પરિણામ છે. આહાહા! પ્રભુ! તારી દશામાં થતાં દયા, દાન, કામ, ક્રોધાદિના શુભાશુભ ભાવો તે તારા નહિ, પણ પુદ્‌ગલના પરિણામ છે. તું તો આનંદસ્વરૂપ શાંતિનો સાગર છો. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપે છે તે દયા, દાન, કામ, ક્રોધરૂપે કેમ પરિણમે? ભાઈ! તારું ઘર તો જ્ઞાનાનંદસ્વરૂપ છે, તેમાં ઠરવું એ તારી ચીજ છે. તું રાગ-દ્વેષ સુખ-દુઃખરૂપે કેમ પરિણમે? એ તો પુદ્‌ગલકર્મનો સ્વાદ છે, એ તારો સ્વાદ નથી. જેમ જળ અને અગ્નિની શીત-ઉષ્ણ પર્યાય છે તે પુદ્‌ગલની છે, પુદ્‌ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ—જ્ઞાન તે આત્માની પર્યાય છે, તેમ રાગ-દ્વેષ સુખ-દુઃખના પરિણામ થાય છે તે પુદ્‌ગલની પર્યાય છે, પુદ્‌ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ—જ્ઞાન તે આત્માની પર્યાય છે. જેમ શીત-ઉષ્ણ અવસ્થારૂપે આત્માને પરિણમવું અશક્ય છે તેમ રાગ-દ્વેષ, સુખ-દુઃખરૂપે આત્માને પરિણમવું અશક્ય છે. જેણે શુભ-અશુભની કલ્પનાથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને અનુભવ્યો છે તે જ્ઞાનીને શુભાશુભરૂપે થવું અશક્ય છે. ભલે હજુ અધુરી દશામાં રાગ આવશે પણ તેનો જાણનાર રહે છે. આહાહા! અહીં રાગાદિ પરિણામને આત્માથી ભિન્ન પુદ્‌ગલ-પરિણામ કહે છે ને જગત એ શુભરાગથી ધર્મ થવાનું માને છે! વીતરાગ સર્વજ્ઞે કહેલું તત્ત્વ જગતને કઠણ પડે એવું છે. આવી વાતો તો જેના ભાગ્ય હોય તેને સાંભળવા મળે છે. અબજો રૂપિયા મળે તેને અહીં ભાગ્યશાળી કહેતા નથી. અલૌકિક વાતો છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# જ્ઞાની અજ્ઞાનીની દશાનું વર્ણન

( શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૧૪)

આ, શ્રી સમયસાર નાટક ગ્રંથ છે, તેમાં મોક્ષદ્વાર ચાલે છે. ૪૫મા પદ્યમાં અભિમાની જીવોની દશાનું વર્ણન કરે છે. જેને આત્માનું ભાન નથી—હું શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ છું એવી જેને ખબર નથી તે જીવો બાહ્ય ચીજોને પોતાની માનીને તેના અભિમાનમાં અને પુણ્ય-પાપના વિકલ્પના અભિમાનમાં જિંદગી ગાળે છે. આત્માનો સ્વભાવ રાગથી રહિત મુક્તસ્વરૂપ છે તેનો તો એને આધાર નથી અને બાહ્યપદાર્થનો આધાર માન્યો છે, શુભરાગનો આધાર માને છે તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવ છે તેની દશા કેવી હોય છે તે પદ્યમાં વર્ણવે છે.

करमके भारी समुझैं न गुनकौ मरम,<br>
परम अनीति अधरम रीति गहे हैं।<br>
हौंहि न नरम चित्त गरम धरमहूतैं,<br>
चरमकी द्रिष्टिसौं भरम भूलि रहे हैं॥<br>
आसन न खोलै मुख वचन न बोलैं,<br>
सिर नाये हू न डोलैं मानों पाथरके चहे हैं।<br>
देखनके हाऊ भव पंथके बढाऊ ऐसे,<br>
मायाके खटाऊ अभिमानी जीव कहे हैं॥४५॥

અર્થ :—જેમણે કર્મોના તીવ્ર બંધ બાંધ્યા છે, જેઓ ગુણોનું રહસ્ય જાણતાં નથી, અત્યંત અયોગ્ય અને પાપમય માર્ગનું ગ્રહણ કરે છે, કોમળ ચિત્તવાળા હોતા નથી, તડકાથી પણ અધિક ગરમ રહે છે અને ઈન્દ્રિય-જ્ઞાનમાં જ ભૂલી રહ્યા છે, દેખાડવા માટે એક આસને બેસી રહે છે અથવા ઊભા રહે છે, મૌન રહે છે, મહંત સમજીને કોઈ નમસ્કાર કરે તો ઉત્તરમાં અંગ પણ હલાવતાં નથી જાણે પત્થર જ ખોડ્યો હોય, દેખવામાં ભયંકર છે, સંસારમાર્ગને વધારનાર છે, માયાચારમાં પાકા છે એવા અભિમાની જીવ હોય છે.

અજ્ઞાની કર્મના તીવ્ર બંધને બાંધે છે, હું શરીર અને રાગથી તદન ભિન્ન ભગવાન આત્મા છું એવી દૃષ્ટિ કરતો નથી, છૂટવાનો માર્ગ લેતો નથી. મોક્ષ-અધિકાર છે ને! એટલે

છૂટવાનો માર્ગ બતાવે છે પણ તે તેને લેતો નથી, બંધના માર્ગમાં જ પડ્યો છે. આકરાં કર્મ બાંધે છે. તેથી કહે છે કે કર્મનો ભાર વધારે છે પણ ગુણ વધારતો નથી. દોષને જ ગુણ માને છે. આત્મામાં થતાં જે શુભાશુભભાવ છે તે દોષસ્વરૂપ છે તેને અજ્ઞાની ગુણસ્વરૂપ માને છે.

મોક્ષઅધિકાર છે ને! આત્મા-ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યદળ છે તેનો અજ્ઞાની આશ્રય લેતો નથી, માનતો નથી અને અનુભવતો નથી તેથી એને શુભાશુભરાગનો આશ્રય અને અનુભવ છે જે ખરેખર દોષરૂપ છે. બંધના કારણ છે તેને સેવીને અજ્ઞાની અભિમાની જીવ અત્યંત અનીતિ કરે છે. જે ત્રણેકાળ ટકે એવું તત્ત્વ નથી, આત્માનો સ્વભાવ નથી એવા રાગભાવને પોતે દોષરૂપ ન માનતાં ગુણરૂપ માને છે. મારે અને પરદ્રવ્યને તથા રાગને કાંઈ સંબંધ નથી એમ તે માનતો નથી તેથી તેનું ચિત્ત નરમ રહેલું નથી. અરે! હું તો આત્મા છું મારે રાગનું શું કામ છે! એમ નરમ થતો નથી, રાગનું અભિમાન કરે છે. અમે પૈસાવાળા છીએ, અમે બુદ્ધિવાળા છીએ, અમે કમાઈએ છીએ એવા અભિમાન કરીને રખડાઉ બુદ્ધિમાં રાચે છે. બહિરલક્ષી વિશેષ બુદ્ધિનો વિકાસ હોય અને વળી તેનું અભિમાન હોય, આગળ ખુરશીમાં સ્થાન મળતું હોય એટલે એને એમ થાય કે અમે તો ડાહ્યાં છીએ. અભિમાનના કારણે તેનું ચિત્ત એવું તડકા જેવું ગરમ રહે છે કે કોઈ જરાંક બોલાવે ત્યાં મગજ તપી જાય. ભાષા પણ એવી કઠોર બોલે કે જેમાં નરમાશ જરાય ન હોય.

चरमकी द्रिष्टिसौं.....ઈન્દ્રિયજ્ઞાનથી ભ્રમણામાં પડીને ભૂલી રહ્યાં છે. પાંચ ઈન્દ્રિયો વડે જાણવું એ તો ઈન્દ્રિય-જ્ઞાન છે તેના અભિમાનમાં ચડી જાય છે પણ આત્મજ્ઞાન શું ચીજ છે તેની અજ્ઞાનીને ખબર નથી. સાધુ નામ ધરાવીને પણ ઈન્દ્રિય-જ્ઞાનના ઉઘાડને અભિમાનનું સાધન બનાવીને બંધનું કારણ બનાવે છે. અમને શાસ્ત્રનો ઉઘાડ છે, પૂર્વનો ઉઘાડ છે એમ અભિમાન કરીને કર્મ બાંધે છે.

आसन न खोले.....એક આસને બરાબર બેસી રહે, મુખથી કાંઈ બોલે નહિ જાણે મૌનપણે સાધના કરે છે. ભલે ને! અંદરમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ચાલતું હોય પણ એ તો બહારમાં દેખાતું નથી. કલ્પનાથી તે વડે પોતાને અધિક માનીને ડોલે છે. સાધુ હોય તો કોઈ નમસ્કાર કરે તોપણ જાણે પત્થરની જેમ સ્થિર થઈ જાય છે, સામે પણ જોતો નથી.

देखनके हाऊ....અહીં અભિમાનીની દશા બતાવવામાં સાધુને પણ લઈ લીધા છે કે જોવામાં તો ભયંકર દેખાય છે અને ભવના પંથને વધારનારા છે. મોક્ષ-અધિકાર છે એટલે

મોક્ષની સામે ભવપંથ લીધો છે કે આવા અજ્ઞાનીજીવો ચોરાશીના અવતારમાં ભવ કરનારા છે અને તેને જ વધારનારા છે.

માયાચારમાં તો આવા જીવો પાકા છે, પોતાની જેવી દશા છે તેને દેખાવા દેતાં નથી અને મિથ્યા અભિમાનને સેવે છે. તેની સામે બનારસીદાસજી જ્ઞાનીજીવોની દશા કેવી હોય તે બતાવે છે.

धीरके धरैया भव नीरके तरैया भय,
भीरके हरैया बरबीर ज्यौं उमहे हैं।
भारके भरैया सुविचारके करैया सुख,
ढारके ढरैया गुन लौसों लहलहे हैं॥
रूपके रिझैया सब नैके समझैया सब,
हीके लघु भैया सबके कुबोल सहे हैं।
बामके बमैया दुख दामके दमैया ऐसे,
रामके रमैया नर ग्यानी जीव कहे हैं॥४६॥

અર્થ :—જે ધૈર્ય ધારણ કરનાર છે, સંસાર-સમુદ્રને તરનાર છે, સર્વપ્રકારના ભયોનો નાશ કરનાર છે, મહાયોદ્ધા સમાન ધર્મમાં ઉત્સાહી રહે છે, વિષય-વાસનાઓને બાળી નાખે છે, આત્મહિતનું ચિંતવન કર્યા કરે છે, સુખ–શાંતિની ચાલ ચલે છે, સદ્‌ગુણોના પ્રકાશથી ઝગમગે છે, આત્મસ્વરૂપમાં રુચિ રાખે છે, બધાં નયોનું રહસ્ય જાણે છે, એવા ક્ષમાશીલ છે કે બધાના નાનાભાઈ બનીને રહે છે અથવા તેમની સારી–નરસી વાતો સહન કરે છે, હૃદયની કુટિલતા છોડીને સરળ ચિત્તવાળા થયા છે, દુઃખ સંતાપના માર્ગે ચાલતા નથી, આત્મસ્વરૂપમાં વિશ્રામ કર્યા કરે છે એવા મહાનુભાવ જ્ઞાની કહેવાય છે.

બનારસીદાસજી કવિ છે ને! એટલે કવિતા બનાવી છે! શૃંગારી હતા ત્યારે શૃંગારની એવી કવિતા બનાવતાં હતાં પછી તેને તો ગોમતી નદીમાં નાંખી દીધી. આ કવિતાઓ તો આત્મજ્ઞાન થયા પછી લખી છે.

धीरके धरैया...જ્ઞાનીજીવો ધીરજવાળાં હોય છે. ખોટી ઉતાવળ કરતાં નથી. શાંતિથી ધીરજથી વિચાર કરે છે, ઉતાવળ કરીને આમ કરી નાખું...તેમ કરી નાખું....એવું જ્ઞાની કરતાં નથી.

भवनीरके तैरया......ધર્મીજીવો સંસારસમુદ્રને તરનારા છે. રાગ અને શુભપરિણામથી પણ ભિન્ન સ્વભાવમાં એકાગ્ર થવા માટે ધર્મી જીવો તત્પર હોય છે. ભવ કરાવે તેવી ભાવને રાખવા માટે ધર્મી તૈયાર હોતા નથી. વળી જ્ઞાની સર્વપ્રકારના ભયોથી રહિત-નિર્ભય હોય છે. આ ભવમાં મારું શું થશે એવો આલોકનો ભય ન હોય તેમ જ પરલોકમાં મારું શું થશે એવો પરલોકનો ભય પણ જ્ઞાનીને હોતો નથી. કેમ કે જ્ઞાની જાણે છે કે અમે તો અમારા સ્વરૂપમાં જવાના છીએ, બીજે ક્યાંય જવાના નથી.

જુઓ! આ મોક્ષના અધિકારી આવા હોય છે. ધર્મના ધરનારા....ધીરજના ધરનારા....ભવને હરનારા....સંસારસમુદ્રને તરનારા હોય છે. અરે! રોગ આવે તો શું થશે? મૃત્યુ આવે તો શું થશે? એવો ડર ધર્મીને હોતો નથી. આનંદસ્વરૂપ ચૈતન્યસ્વભાવને જેણે જાણ્યો, માન્યો અને અનુભવ્યો છે તેને ભય શેનો! એ તો વીર—મહાયોદ્ધાની જેમ ધર્મમાં ઉત્સાહિત હોય છે, પોતાના આત્મસ્વભાવમાં ઉત્સાહી આવા ધર્મીને પરમાં ઉત્સાહ હોતો નથી.

भारके भैरया.....વિષયવાસનાઓને જ્ઞાનીજીવો મારી નાંખે છે કેમ કે તેને તો આનંદનો આસ્વાદ છે તેની પાસે વિષયોમાં ક્યાંય સુખ દેખાતું નથી. સ્ત્રી, પૈસા, આબરૂ આદિમાં ક્યાંય સુખ ભાસતું નથી, સુખ તો એક પોતામાં ભાસે છે. છખંડના ધણી જ્ઞાની ચક્રવર્તીને ૯૬ હજાર તો સ્ત્રીઓ હતી ને? ના. સ્ત્રીઓ એને ન હતી. એનું જે હતું તે તો એનામાં હતું, બાકી કાંઈ જ્ઞાનીનું ન હતું. આવો મારગ છે ભાઈ!

ધર્મી તો સુવિચાર એટલે આત્મહિતનું ચિંતવન કરતાં હોય છે. અભેદ જ્ઞાન અને આનંદ મારામાં છે એવું ચિંતવન ધર્મી કરે છે. રાગનું ચિંતવન કર્યા કરે તે જ્ઞાની નથી. ઘણાં મોટા પગારદાર અને હોશિયાર લોકો હોય પણ આત્માના વિષયમાં વિચાર પણ કરતાં નથી હોતાં. 'આત્મા છે' એટલો નિર્ણય પણ ન હોય....આવા જગતના પ્રાણી ક્યાં જશે? મોટી પદવી કે મોટા પગાર કે બુદ્ધિ શા કામની? રખડવાના કામની થાય છે! અરે આત્મા! તારે ક્યાં જવું છે અને શું કરવું છે? ક્યાં રહેવું છે? તેની તેને ખબર નથી.

જ્ઞાની જીવ તો સુવિચારના કરનારાં હોય છે. હું ત્રિકાળી આત્મા છું, આનંદ છું, રાગ મારા સ્વભાવમાં છે જ નહિ, કોઈ પરપદાર્થ સાથે મારે કોઈ સંબંધ નથી....આવી હિતરૂપ વિચારણા ધર્મી કરતા હોય છે.

सुख ढारके ढैरया.....જ્ઞાનીજીવો સુખના ઢાળામાં ઢળી ગયા હોય છે. રાગથી પાછા

ફરીને આનંદમાં ઢળી ગયા છે. આત્મા સત્ ચિદ્ આનંદસ્વરૂપ છે તેની દૃષ્ટિ થઈ હોવાથી તેમાં ઢળી ગયા છે અને શુભાશુભની દુ:ખરૂપ ચાલથી ખસી ગયા છે. વળી, જ્ઞાનીઓ સદ્‌ગુણોની જ્યોતિથી ઝગમગે છે. જ્ઞાનીઓ તેની પ્રગટ દશાથી ઝગમગે છે. ભૂખ લાગી હોય અને ઉજળા ઘઉંના લોટનો લહલહતો શીરો મળે તો કેવો આનંદ આવે! તેમ જ્ઞાનીને ઉજ્જવળ એવા આત્માના અનંતગુણો તેની પર્યાયમાં ઝગમગે છે, જ્ઞાની તેની મજા માણે છે. ભગવાન સર્વજ્ઞે કહેલી અને પ્રગટ કરેલી આનંદદશાને જ્ઞાની પણ પોતાની પર્યાયમાં અનુભવે છે અને મજા માણે છે. જ્ઞાનીને બીજે ક્યાંય મજા લાગતી નથી. ઈન્દ્રના કે ચક્રવર્તીના વૈભવમાં જ્ઞાનીને સુખ લાગતું નથી.

અહીં તો માણસને પાંચ દશ કરોડ થઈ જાય તો એમ લાગે કે આપણે સુખી છીએ. ધૂળેય સુખ નથી ભાઈ! તું તો દુ:ખના ઢગલામાં પડ્યો છો. જ્ઞાની रूपके रिझैया છે. આત્મારૂપમાં રંગાયેલા છે. ખુશ છે. પરથી જ્ઞાની ખુશ નથી. ધર્મી જ એને કહીએ કે જેને આત્માના આનંદ સ્વરૂપમાં જ રુચિ છે. બાહ્ય રૂપાળા શરીરની રુચિ નથી. વળી જ્ઞાનીને નિશ્ચયનય, વ્યવહારનય આદિ બધી નયનું યથાર્થજ્ઞાન હોય છે. તેથી અહીં કહ્યું કે જ્ઞાની सब नैके समझैया છે.

જ્ઞાની બધાંના નાનાભાઈ થઈને રહે છે, કોઈ પાસે મોટાઈની અપેક્ષા નથી. દુનિયામાં પોતાની કાંઈ ગણતરી જ ન હોય-એમ રહે છે. પોતાની ખરી કે ખોટી કોઈ વાત કરે તેને સહન કરે છે, સમાધાન રાખે છે કે એને બોલવાની ક્રિયાના કાળ હશે તો બોલાયું પણ મને તે ભાષાની કાંઈ અસર નથી. કોઈ વખાણ કરે તોપણ એ તો જ્ઞાતાદ્રષ્ટા રહે છે. કોઈ વખાણ કરે, નિંદા કરે પણ એ તો જ્ઞાતા-દ્રષ્ટા જ છે. કોઈના વખાણથી આત્મામાં કાંઈ વિકાસ થઈ જતો નથી અને કોઈ નિંદા કરે તેથી આત્મામાં સંકોચ થઈ જતો નથી.

बामके बमैया...વામ એટલે આડી દશા—અવળાઈ છોડીને ધર્મી સરળચિત્ત થઈ ગયા છે. દુ:ખ થાય એવા રસ્તામાં ધર્મી ચાલતા જ નથી. સંકલ્પ અને વિકલ્પ ઉઠે છે તે દુ:ખના પંથ છે તેથી તે માર્ગે ધર્મી જતાં નથી. એ તો આત્મારામમાં રમનારા છે. 'નિજપદ રમે સો રામ કહીએ' માટે જ્ઞાની જ ખરેખરા 'રામ' છે. રાગ અને પરદ્રવ્ય સાથે એની રમત હોતી નથી. આત્મસ્વરૂપમાં જ એનો વિશ્રામ છે કે જ્યાં જ્ઞાન અને આનંદ છે. રાગમાં એનો વિશ્રામ હોતો નથી. આવા ગુણવાળાને જ્ઞાની કહેવામાં આવે છે. અજ્ઞાનદશામાં પર અને રાગ-દ્વેષ આદિની એકત્વબુદ્ધ તરફ કરવટ હોય છે, જ્યાં જ્ઞાની

થયો ત્યાં તેની કરવટ બદલાઈ ગઈ છે. રાગનું પડખું છોડીને આત્માના પડખે આરામ કરે છે. અજ્ઞાની અને જ્ઞાનીની દિશા ફેર હોવાથી દશામાં પણ આવો ફેર છે. નિજપદ-આરામી આવા મહાનુભાવને જ્ઞાની કહેવાય છે.

આ મોક્ષ-અધિકાર છે તેના ૧૨મા કળશ ઉપર ૪૭ થી ૫૦ એમ ચાર પદ્ય દ્વારા સમકિતી જીવોની મહિમા બતાવે છે કે જેઓ મોક્ષના પંથે ચડેલાં છે અને સંસારપંથથી નિવૃત્ત થયેલાં છે એવા જીવોની વાત છે.

जे समकिती जीव समचेती।
तिनकी कथा कहौं तुमसेती॥
जहाँ प्रमाद क्रिया नहि कोई।
निरविकलप अनुभौ पद सोई॥४७॥

परिग्रह त्याग जोग थिर तीनौं।
करमबंध नहि होय नवीनौं॥
जहां न राग दोष रस मोहै।
प्रगट मोख मारग मुख सोहै॥४८॥

पूरब बंध उदय नहि व्यापै।
जहां न भेद पुन्न अरु पापै॥
दरब भाव गुन निरमल धारा।
बोध विधान विविध विस्तारा॥४९॥

जिन्हकी सहज अवस्था ऐसी।
तिन्हके हिरदै दुविधा कैसी॥
जे मुनि छपक श्रेणि चढ़ि धाये।
ते केवलि भगवान कहाये॥५०॥

અર્થ :—હે ભવ્યજીવો! સમતા સ્વભાવના ધારક સમ્યગ્દૃષ્ટિજીવોની દશા તમને કહું છું. જ્યાં શુભાચારની પ્રવૃત્તિ નથી ત્યાં નિર્વિકલ્પ અનુભવપદ રહે છે (૪૭). જે સર્વ પરિગ્રહ છોડીને મન-વચન-કાયાના ત્રણે યોગનો નિગ્રહ કરીને બંધ-પરંપરાનો સંવર કરે છે જેમને

રાગ-દ્વેષ-મોહ રહેતા નથી તેઓ સાક્ષાત્ મોક્ષમાર્ગની સન્મુખ રહે છે (૪૮). જે પૂર્વબંધના ઉદયમાં મમત્વ કરતાં નથી, પુણ્ય-પાપને એકસરખા જાણે છે, અંતરંગ અને બાહ્યમાં નિર્વિકાર રહે છે, જેમના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રગુણ ઉન્નતિ પર છે (૪૯). આવી જેમને સ્વાભાવિક દશા છે, તેમને આત્મસ્વરૂપની દુવિધા કેવી રીતે હોઈ શકે? તે મુનિઓ ક્ષપકશ્રેણી ઉપર ચડે છે અને કેવળી ભગવાન બને છે (૫૦).

બનારસીદાસજીએ સમ્યક્ત્વથી લઈને કેવળજ્ઞાન સુધીની દશાની મહિમા લઈ લીધી છે.

આત્માનો અનુભવ કરીને જેણે સમ્યક્ત્વ પ્રગટ કર્યું છે એવા જીવની દશા હે ભવ્યો! તમને સંભળાવું છું. પ્રથમ તો પરદ્રવ્ય અને રાગથી ભિન્ન પડીને આ જીવ આત્માનુભવી સમકિતી થયો. પછી આગળ વધીને સ્વરૂપમાં શાંતિ અને વૃદ્ધિ પામ્યો એવા જીવને પ્રમાદ હોતો નથી. સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપની સ્થિરતાની દશામાં આવ્યો એવા જીવને બીજો પ્રમાદ તો નથી પણ પંચમહાવ્રતરૂપ પ્રમાદદશા પણ તેને હોતી નથી. પરદ્રવ્ય પ્રત્યેનો ભાવ છોડી સ્વદ્રવ્ય-ભગવાન આત્માની રતિને પામ્યા છે. સ્વદ્રવ્યનો આશ્રય જ મુક્તિનો માર્ગ છે. પરદ્રવ્યનો આશ્રય તે મુક્તિનો માર્ગ નથી. ભલે તીર્થંકરદેવનું સમવસરણ હોય પણ એ પરદ્રવ્ય હોવાથી તેનો આશ્રય લેતાં રાગ જ થાય છે.

આત્માના શુદ્ધસ્વભાવ સિવાય જે કોઈ પરદ્રવ્ય છે તે રતિ કરવા યોગ્ય નથી માટે त्यक्त्वाऽशुद्धिविधायि અશુદ્ધતાનું કારણ જાણી પરદ્રવ્યની મમતા છોડી, સ્વદ્રવ્યમાં રતિ-પ્રીતિ કરવાયોગ્ય છે. જેની પ્રીતિ-રતિ આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં લાગી છે તે જીવ મોક્ષના પંથે ચાલી રહ્યો છે એમ કહેવાય. જેને સ્વદ્રવ્યનો તો પ્રેમ નથી અને પરદ્રવ્યના પ્રેમમાં ફસાઈ ગયો છે તે સંસારના ફંદમાં પડેલો છે.

સમકિતી શ્રદ્ધા-જ્ઞાનમાં તો પ્રમાદથી જુદો પડી ગયો છે પણ પ્રમાદના વિકલ્પ ઉઠે છે, જ્યારે પ્રમાદના વિકલ્પોથી પણ છૂટીને સ્વરૂપમાં આનંદમાં સ્થિર થાય છે તેને મુનિ કહેવામાં આવે છે. મુનિનું પદ નિર્વિકલ્પપદ છે. ચારિત્રના રાગથી પણ રહિત અંતરની સ્થિરતા છે. અહીં તો સમ્યગ્દર્શનથી લઈને કેવળજ્ઞાન સુધીની વાત કરવી છે એટલે કહે છે કે પરદ્રવ્યના વલણવાળો ભાવ છોડી દઈને સ્વદ્રવ્યના વલણમાં આવ્યો છે, અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે તે આગળ જઈને પ્રમાદના પરિણામને પણ છોડી દઈને નિર્વિકલ્પપદમાં આવ્યો છે તેને શુભાચારની પ્રવૃત્તિ પણ રહી નથી. જ્યાં સુધી શુભાચારનો વિકલ્પ રહે છે ત્યાં સુધી મુનિને પણ આસ્રવ-બંધ થયા જ કરે છે તો અજ્ઞાનીની તો શું

વાત કરવી? જ્યારે મુનિરાજ પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે શુભવિકલ્પ પણ છૂટી જાય છે, અપ્રમાદદશા થઈ જાય છે.

परिग्रह त्याग जोग.....પછી સમ્યગ્દ્રષ્ટિ આગળ વધીને પરિગ્રહનો ત્યાગ કરે છે. એક વસ્ત્રનો ટુકડો પણ એને હોતો નથી. અંતરંગમાં ત્રણ કષાયના અભાવની દશા અને બાહ્યમાં નગ્ન દિગંબર દશામાં આવે છે ત્યારે તે મન-વચન-કાયાના ત્રણેય યોગોનો નિગ્રહ કરીને સ્વરૂપ તરફની નિર્વિકલ્પતામાં આવી ગયો. આ મોક્ષનો માર્ગ છે. વચ્ચે અઠ્ઠાવીસ મૂળગુણનો ભાવ હોય છે પણ તે રાગ અને આસ્રવ છે. તેને પણ છોડીને જ્યારે અપ્રમત્તદશામાં આવે છે તેને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણેયની એકતા થઈ હોવાથી કર્મોનું બંધન થતું નથી.

જ્યાં રાગ નથી, દ્વેષ નથી, મોહ નથી અને સત્ ચિદાનંદ સ્વરૂપમાં જમવટ જામી ગઈ છે એવો જીવ સાક્ષાત્ મોક્ષમાર્ગની સન્મુખ છે. એ જીવ જ કેવળજ્ઞાનદશા સુધી પહોંચી જાય છે. એ જીવ કેવળજ્ઞાન પામવાને લાયક થઈ ગયો છે. પંચમહાવ્રત અને નગ્નદશાનું તેને અભિમાન નથી. એ તો સ્વરૂપમાં ઠરી ગયો છે. તેને પૂર્વ કર્મનો ઉદય આવે છે તે પણ નવા બંધનું કારણ થતો નથી. અબંધ પરિણામમાં ચડેલા જીવને બંધ કેવો! પૂર્વકર્મના ઉદયથી તો સમકિતી પણ વિરક્ત છે પણ મુનિરાજ તો અસ્થિરતાના ઉદયથી પણ વિરક્ત છે એમ સિદ્ધ કરવું છે કેમ કે આ જીવ મોક્ષમાર્ગમાં આગળ વધી રહ્યો છે.

શુભભાવ ઠીક છે અને અશુભભાવ અઠીક છે એવો ભેદ તેને અસ્થિરતામાં પણ રહ્યો નથી. શ્રદ્ધામાં તો ભેદ નથી પણ ચારિત્રમાં પણ શુભભાવ આચરવાયોગ્ય છે અને અશુભભાવ છોડવાલાયક છે એવો ભેદ રહ્યો નથી. એ તો શુભાશુભ બંને ભાવને છોડીને સ્વરૂપમાં સ્થિર થયો છે.

આ તત્ત્વ જ કોઈ નિરાળુ છે. દેહથી જુદું, વાણીથી જુદું, શુભાશુભ વિકલ્પથી પણ જુદું–મોક્ષસ્વરૂપ ભગવાન આત્મતત્ત્વની પર્યાયમાં મોક્ષ થવા માટે આગળ વધી રહ્યો છે તે શુભાશુભના ભેદ પાડતો નથી. પ્રવચનસારમાં કહ્યું છે ને! જે કોઈ પુણ્ય અને પાપમાં ભેદ–તફાવત માને છે તે ઘોર સંસારમાં રખડશે (ગાથા–૭૭). શુભ અને અશુભ બંને ભાવ બંધના કારણ છે એમ જે માનતો નથી તે ઘોર અપાર સંસારમાં ભ્રમણ કરે છે.

'નથી માનતો એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે
તે મોહથી આછન્ન ઘોર અપાર સંસારે ભમે.'

—શ્રી પ્રવચનસાર ગાથા–૭૭

શુભભાવ ઠીક છે અને અશુભભાવ અઠીક છે એમ જે બંધના કારણમાં ફેર પાડે છે તે મિથ્યાદૃષ્ટિ છે માટે સંસારમાં ભમશે.

આવી સ્પષ્ટ વાત છે છતાં હજી ગડબડ કરે છે. મોહથી ઢંકાયેલા જીવો જ શુભ-અશુભમાં ફેર માને છે. સમકિતી તો બંનેને બંધના કારણ જાણે છે. શુભાશુભ ઉપયોગ એક જાતનો છે, તેના ફળમાં મળતાં સંયોગોની જાત પણ એક છે અને પુણ્ય-પાપનું બંધન પણ એક જાતનું છે. આમ, પરમાર્થે બંધભાવમાં ફેર નથી, બંધનમાં ફેર નથી અને ફળમાં પણ ફેર નથી. બધી એક જડની જાત છે. પ્રવચનસારના પ્રથમ જ્ઞાન અધિકારમાં જ આ ગાથા આવી છે.

दरब भाव गुन निरमल धारा.....જેને અંતરંગમાં ત્રણ કષાયના અભાવરૂપ નિર્વિકાર પરિણતિ છે અને બાહ્યમાં નગ્ન દિગંબર નિર્વિકાર વેષ છે તેવા મુનિરાજને દ્રવ્યે અને ભાવે નિર્મલ ગુણોની ધારા વહે છે. बोध विधान विविध विस्तारा સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વિધાનનો જેને વિવિધ પ્રકારે વિસ્તાર છે તે બધો મોક્ષમાર્ગનો જ વિસ્તાર છે. બંધમાર્ગનો વિસ્તાર નથી. જેની આવી સહજદશા છે તેને હૃદયમાં કોઈ પ્રકારની દ્વિધા હોતી નથી. શુભાચાર કરવા જેવા છે અને અશુભ છોડવા જેવા છે એવી દ્વિધા એમને મન હોતી નથી. અરે! આ દ્રવ્ય છે અને આ પર્યાય છે એવો ભેદ પણ મુનિને નિર્વિકલ્પદશામાં હોતો નથી.

બહુ આકરી વાત છે! શરૂઆતથી આવો માર્ગ હશે?—અનાદિથી આવો મોક્ષમાર્ગ છે.

સ્વરૂપમાં લીનતા કરતાં કરતાં....ઉપયોગને અંતરમાં જમાવતાં મુનિરાજને સ્થિરતાની ધારા એવી વહે છે કે મુનિરાજ ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઈ જાય છે. જેમ, હાથીના હોદ્દે બેસીને હાથીને દોડાવે તેમ આત્મ-સ્થિરતાની શ્રેણીમાં ચડેલાં મુનિરાજ કેવળજ્ઞાન લેવા દોડે છે અને કેવળજ્ઞાન લઈ લે છે અને તેની જ મુક્તિ થાય છે. તે જ ભગવાન કહેવાય છે.

(ક્રમશઃ)

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

(હિસાબી-અહેવાલ તા. ૧-૪-૨૦૦૪ થી તા. ૩૧-૩-૨૦૦૫ તથા નિવેદન)

શ્રી કહાનગુરુ-ભક્ત મુમુક્ષુસમાજ,

સવિનય નિવેદન કે આપણા તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ (સુવર્ણપુરી)માં અધ્યાત્મધર્મનો લાભ લેવા માટે ઘણા મુમુક્ષુઓ કાયમી વસવાટ કરે છે તથા બહારગામથી અવારનવાર ઘણા મુમુક્ષુઓ પધારે છે. આ તીર્થધામનો વહીવટ આપ સૌના સહયોગથી આપણું ઉપરોક્ત ટ્રસ્ટ (સંસ્થા) કરી રહેલ છે. દર વર્ષની માફક, આ સાથે તા. ૧-૪-૨૦૦૪ થી ૩૧-૩-૨૦૦૫નાં વર્ષનાં ઓડીટ થયેલ સરવૈયાં, આવક-જાવકના હિસાબો સહિત રજુ કરીએ છીએ, જે ઉપરથી આપને આ ટ્રસ્ટના વહીવટ સંબંધી, આવક-ખર્ચની તથા અન્ય જાણકારી મળી શકશે, અને જેથી આપને સંતોષ થશે એવી આશા રાખીએ છીએ.

(૧) આ વર્ષ દરમ્યાન બધા મહોત્સવો ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યા છે. બહારગામથી યાત્રીઓ અને મુમુક્ષુઓ સારી સંખ્યામાં અવારનવાર આવે છે. દરેકને સારી સગવડ આપવાની કાળજી લેવામાં આવે છે. શ્રી જન્મજયંતી-મહોત્સવનો ખર્ચ જેમના તરફથી જન્મજયંતી ઉજવાય છે તેમના તરફથી આપવામાં આવે છે.

(૨) આ સાથેનો સંસ્થાનો હિસાબ જોતાં આવક-ખર્ચનો ખ્યાલ આવશે. તા. ૧-૪-૨૦૦૪ થી ૩૧-૩-૨૦૦૫ના વર્ષ દરમ્યાન કુલ આવક રૂા. ૫૮,૦૩,૧૦૪ છે અને કુલ ખર્ચ રૂા. ૫૭,૬૮,૦૦૪ છે. વરસ આખરે વધારો રૂા. ૩૫,૧૦૦ છે.

(૩) સરવૈયા મુજબ વરસ આખરે ધ્રુવફંડ **(Corpus)** ખાતે રૂા. ૨,૭૬,૭૯,૫૦૪ છે. આ રકમમાં વર્ષ દરમ્યાન રૂા. ૨૧,૭૭,૮૭૭ વધારો થયેલ છે. આ ધ્રુવફંડનું વ્યાજ વાપરવાનું છે. ધ્રુવફંડ પૂરતી રકમનું રોકાણ રાખવું જોઈએ. તે બાબત કાળજી લેવામાં આવે છે.

(૪) સરવૈયા મુજબ ચાલુ ફંડોમાં રૂા. ૧,૬૧,૩૪,૯૫૯ વરસ આખરે બાકી રહે છે. આ રકમ જે તે ખાતે હોય તેમાં વાપરવાની હોય છે. અને તે રકમ તથા ધ્રુવફંડની રકમ બંને ભેગી કરતાં જે આપણી પાસે રોકાણ તરીકે રકમ જોઈએ, તે ઓછી છે. જેથી આ રકમ વધુ રહે એટલું રોકાણ મળે તે બાબત આપ સૌને વિચારવા જણાવીએ છીએ.

(૫) આપણા ટ્રસ્ટ અંતર્ગત, 'શ્રી કહાનસૂર્ય દિ. જૈન ભોજનસમિતિ' ભોજનાલય ચાલી રહેલ છે. તેનાં આવક-ખર્ચનો હિસાબ જોતાં તેમાં આવકનો વધારો રહે છે તે ખરેખર વધારો છે જ નહીં કારણકે તેમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી કાયમી જમણ જે તે દિવસનાં વર્ષ દરમ્યાન નક્કી થયેલ છે તે દિવસનો જમણનો કુલ ખર્ચ સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ ભોજનાલયને આપે

છે. ટ્રસ્ટમાં કાયમી જમણ અગાઉ નાની રકમ લઈને નોંધાયા હોવાથી તે રકમનાં વ્યાજમાંથી જમણ કરવાનું મુશ્કેલ હોવાથી સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તે ખર્ચનો બોજો અત્યારે લે છે. વળી ગેસ્ટ હાઉસ ભાડા આવક, નિ:શુલ્ક ભોજન વ્યવસ્થા ખર્ચને પહોંચી વળવા મળેલ મોટી રકમનું દાન ધ્રુવફંડ, ભોજનાલય ફોટાઓનું ધ્રુવફંડ, ભોજનાલય કાયમી ભોજનતિથિનું ધ્રુવફંડ વગેરે ધ્રુવફંડનાં વ્યાજની રકમ તથા બીજી નાની મોટી આવક થવાથી તૂટને બદલે વધારો રહે છે પરન્તુ હવે વ્યાજનાં દરમાં ઘટાડો થવાથી તે બાબત પણ વિચારણા માંગી લે છે. કાયમી જમણ જે તે દિવસનાં નક્કી થયેલ છે તે દિવસનાં જમણમાં બીજા દાતારનાં નામ ઉમેરવા જેથી તે દિવસમાં જમણનાં ખર્ચમાં ટ્રસ્ટને રાહત રહે. એકાદ બે કાયમી જમણમાં બીજા દાતાર મળેલ છે. આ રીતે દાતાર મળે તો જમણ આપી શકાય નહીંતર તે બાબત વિચારવા જેવી છે. દાતાર કાયમી જમણમાં રકમ વધારી આપે અથવા ત્રણ વર્ષે તે જમણ આપવામાં આવે. આવી દરખાસ્ત છે તો આ બાબત દાતારનું ધ્યાન દોરવામાં આવે છે.

(૬) પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની તપોભૂમિ અધ્યાત્મ તીર્થધામ સોનગઢનો લાભ લેવા આવનાર યાત્રીઓ-મહેમાનો માટે શ્રીમતી કળાબેન હસમુખલાલ વોરા દિ. જૈન અતિથિ ભવન નિર્માણ થયેલ છે. ફરીથી તેવા જ પ્રકારનાં ચાર બિલ્ડીંગ બનાવવાનું નક્કી કર્યું છે. ચાર વીંગમાં પ્રત્યેક વીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર, સેકન્ડ ફ્લોર, થર્ડ ફ્લોર બનશે. ચાર બિલ્ડીંગમાં કુલ ૧૬૮ રૂમનું આયોજન છે. પ્રત્યેક બિલ્ડીંગ માટે એકવીશ લાખ આપનાર દાતારનું નામ તે બિલ્ડીંગ માટે રહેશે જે ચાર બિલ્ડીંગનાં દાતાર નક્કી થયા છે. આવા દાતારોને ચાર રૂમો મહોત્સવ દરમ્યાન આપવામાં આવશે તથા એક દાતાર તરફથી રૂપિયા એકવીશ લાખ પણ જાહેર થયેલ છે.

પ્રત્યેક બિલ્ડીંગમાં લીફટની વ્યવસ્થા છે. પ્રત્યેક બિલ્ડીંગમાં ચાર લાખ આપનાર દાતારનું નામ તથા ઉત્સવો દરમ્યાન એક રૂમ ઉતારા માટે આપવામાં આવશે. એક લીફટનું નામ પણ આવી ગયેલ છે.

પ્રત્યેક ફ્લોર માટે જે દાતા તરફથી રૂા. અઢી લાખ ડોનેશન માટે મળશે તે ફ્લોરનું તે દાતાનાં નામથી નામકરણ કરવામાં આવશે. ઉપરોક્ત નામો અગાઉ આત્મધર્મમાં આપેલ છે. રૂમો માટે રૂા. ૭૫૦૦૦/– રાખવામાં આવેલ છે. આવા દાતારોની રૂમો લખાયેલ છે.

(૭) અધ્યાત્મ તીર્થ સોનગઢથી પ્રકાશિત 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી માટે ખર્ચને પહોંચી વળવા માટે યોજના અગાઉ જાહેર કરેલ છે. તે પ્રમાણે આજીવન એક માસનું આત્મધર્મ પ્રકાશન માટે ગુજરાતીનાં રૂા. એક લાખ પચ્ચીસ હજાર નક્કી કરેલ છે. તેમજ આજીવન એક મહિનાનાં આત્મધર્મ હિન્દી પ્રકાશન માટે એક લાખ નક્કી કરેલ છે. સ્પોન્સર તરીકે તે દાતારનું નામ તે મહિનાનાં અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

તેવી જ રીતે એક માસનું આત્મધર્મ ગુજરાતી પ્રકાશન માટે રૂા. દસ હજાર નક્કી કરવામાં આવેલ છે. તે અંક પુરતું તે નામ સ્પોન્સર તરીકે તે મહિનાનાં અંકમાં પ્રકાશિત થશે. એક માસનું હિન્દી આત્મધર્મ પ્રકાશિત કરવાનાં રૂા. સાત હજાર પાંચસો નક્કી કરવામાં આવેલ છે. તે અંક પુરતું તે નામ અંકમાં સ્પોન્સર

તરીકે દાતારનું નામ પ્રકાશિત કરવામાં આવશે. આ યોજનાને ઠીક પ્રતિસાદ મળેલ છે.

(૮) સુવર્ણપુરીમાં નિર્મિત ભવ્ય વિશાળ જિનાયતનો વગેરે સાતીશય તીર્થરૂપે સદૈવ પ્રકાશમાન રહે—તેવી ભાવના ને અનુમોદિત કરવા માટે એક 'સ્થાયી જીર્ણોદ્ધાર' ફંડ કરેલ છે. સ્વાધ્યાય મંદિર, સીમંધરસ્વામી જિનમંદિર, સમવસરણ, કુંદકુંદ પ્રવચન મંડપ, માનસ્તંભ, પરમાગમ મંદિર, પંચમેરુ-નંદીશ્વર જિનાલય, કહાનગુરુ સમાધિમંદિર, બેનશ્રી સમાધિ સ્મૃતિ વગેરેમાં જીર્ણોદ્ધાર માટે એક ચોરસ ફૂટનાં એક હજાર નક્કી કરેલ છે. જે અંતર્ગત જીર્ણોદ્ધાર ફંડને પણ પ્રતિસાદ મળેલ છે.

(૯) તે ઉપરાંત 'પરિવર્તન ધામ-સ્ટાર ઓફ ઈન્ડિયાનાં મકાનમાં જીર્ણોદ્ધાર કરેલ છે. વાઘર પરિવાર-જામનગર તરફથી સારો રીસ્પોન્સ મળેલ છે. તેને હજુ અદ્યતન કરવાની યોજના છે-જે અંતર્ગત પારસનાથ ભગવાનનું ચિત્રપટ, પૂ. ગુરુદેવશ્રી 'પરિવર્તન' કરી રહ્યા છે. તેવી લાઈવ પ્રતિકૃતિ, પૂ. ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ, પરિવર્તનનાં વિવિધ પ્રસંગો, આર્ટ ગેલેરી વગેરે બનાવવાની યોજના છે. મુમુક્ષુઓ આ આયોજનમાં દાનરાશિ પોતાની ભાવનાનુસાર આપી શકે છે.

વળી હાલ, પૂ. ગુરુદેવશ્રીની જન્મભૂમિ ઉમરાળામાં જીર્ણોદ્ધારનું કાર્ય પુરું થવામાં છે. જેને સારો પ્રતિસાદ દાતારો તરફથી મળેલ છે. ભોજનાલય તથા ઉતારા માટે એક મકાન પણ ખરીદ કરવામાં આવેલ છે.

(૧૦) જિનવાણી પ્રકાશનમાં સ્થાયી પુરસ્કર્તા યોજના અંતર્ગત ગુજરાતી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા લગભગ પૂરા થવાની તૈયારીમાં છે. હિન્દી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા બાકી રહે છે. આ યોજનાને દાતાર તરફથી સારો પ્રતિસાદ સાંપડેલ છે.

(૧૧) ઉપરોક્ત હિસાબી અહેવાલ તથા હિસાબો જોતાં આપ સૌને ટ્રસ્ટની કાર્યવાહી, આવક-જાવક બાબત જાણકારી મળી શકશે. આપણા ટ્રસ્ટમાં અત્યારે જે આવક છે તેના પ્રમાણમાં ખર્ચ થાય છે; પણ બધાની અપેક્ષા મુજબ ઘણી જરૂરિયાત છે; તેના પ્રમાણમાં મોટું ફંડ ટ્રસ્ટ પાસે નથી. જેથી બધાં મોટાં કામો થઈ શકતા નથી. એ માટે મોટું ફંડ ઊભું કરવાની જરૂર છે. માટે આ બાબત દરેકને વિચારવાની જરૂર છે. સોનગઢ- સંસ્થામાં લાખોના ખર્ચ સામે લાખોની આવક હોવી જોઈએ.

(૧૨) ટ્રસ્ટની ઘણી યોજના તૈયાર કરવામાં આવી રહી છે પણ હાલ અતિથિગૃહના ચાર બિલ્ડિંગનું બાંધકામ ચાલુ છે જેની કિંમત રૂપિયા ૩ કરોડ થવા જાય છે. આવી મોટી રકમનું કામ ચાલતું હોવાથી એક સાથે બધી યોજના કરી શકાય નહી. જેથી ક્રમે ક્રમે યોજનાનું આયોજન કરી શકાય. તે આપને જણાવવામાં આવે છે.

ઉપરોક્ત હિસાબો જોવાની જેમને ઇચ્છા હોય તેઓએ સેકેટરીને લેખિત જાણ કરવાથી સંમતિ આપે તે દિવસે આપ જોઈ શકશો.

ટ્રસ્ટીઓ,

તા. ૧-૧-૨૦૦૬

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ

## તા. ૩૧-૩-૨૦૦૫નાં પુરા થતાં વર્ષનું આવક-જાવક પત્રક

| આવક | ૩૧-૩-૨૦૦૪ | ૩૧-૩-૨૦૦૫ | જાવક | ૩૧-૩-૨૦૦૪ | ૩૧-૩-૨૦૦૫ |
|---|---|---|---|---|---|
| ભાડા | ૧૮,૧૫૬ | ૨૨,૪૧૬ | મિલ્કત મરામત | ૩,૮૩,૫૧૪ | ૩,૭૪,૯૨૦ |
| વ્યાજ | ૮,૫૭,૯૩૦ | ૫,૩૪,૧૭૩ | વીમા પ્રીમીયમ | ૮,૨૦૨ | ૭,૩૫૭ |
| ડીવીડન્ડ વ્યાજ | ૧૩,૯૬,૨૫૭ | ૨૨,૨૩,૦૪૮ | વહીવટી ખર્ચ | ૩૮,૭૫૪ | ૩૭,૦૩૭ |
| દાન ખાતે | ૧૩,૫૭,૩૫૦ | ૧૭,૮૭,૭૦૧ | ઓડીટ ખર્ચ | ૧૨,૯૬૦ | ૧૨,૯૬૦ |
| ગુપ્ત ભંડાર | ૪,૨૫,૨૯૫ | ૪,૬૧,૨૭૨ | ચેરીટી કમી. ફાળો | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| અન્ય આવક | ૧,૨૦,૭૭૦ | ૩,૯૫,૦૫૭ | કાનુની ખર્ચ | ૮,૫૯૦ | — |
| કાયમી ફંડ ખાતે | | | અન્યખર્ચ | ૪,૮૬૧ | ૫,૯૩૪ |
| ટ્રાન્સફર | ૩,૫૯,૬૫૯ | ૩,૭૯,૪૩૭ | વ્યાજ ખર્ચ | ૪,૦૮૦ | ૪,૦૮૦ |
| તુટ સરવૈયામાં | — | — | રીઝર્વ ફંડથી લાવ્યા | ૧૪,૬૧,૫૮૫ | ૩૨,૯૭,૭૧૩ |
| | | | ધાર્મિક હેતુ ખર્ચ | ૨૧,૧૧,૪૦૧ | ૧૯,૭૮,૦૦૩ |
| | | | જિર્ણોધ્ધાર જોગવાઈ | ૭૦,૦૦૦ | — |
| | | | વર્ષ આખરે વધારો | ૩,૮૧,૪૭૦ | ૩૫,૧૦૦ |
| | ૪૫,૩૫,૪૧૭ | ૫૮,૦૩,૧૦૪ | | ૪૫,૩૫,૪૧૭ | ૫૮,૦૩,૧૦૪ |

## તા. ૩૧-૩-૨૦૦૫નું સરવૈયુ

| ફંડ જવાબદારી | ૩૧-૩-૨૦૦૪ | ૩૧-૩-૨૦૦૫ | મિલ્કત-લેણું | ૩૧-૩-૨૦૦૪ | ૩૧-૩-૨૦૦૫ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૧૩૭૦૩૩૨ | ૧૩૭૦૩૩૨ | સ્થાવર મિલ્કત | ૩૦૦૨૮૯૬૭ | ૩૦૦૬૬૫૪૧ |
| મિલ્કત ફંડ | ૧૨૯૩૮૯૦૪ | ૧૩૦૪૪૪૦૫ | ડેડ સ્ટોક ફર્નિચર | ૫૭૦૫૦૪ | ૬૦૭૫૪૨ |
| કાયમી ફંડ | ૨૫૫૦૧૬૨૭ | ૨૭૬૭૯૫૦૪ | જંગમ મિલ્કત | ૩૧૮૪૩૭૫ | ૩૫૧૪૭૯૧ |
| ચાલુ ફંડ | ૧૪૭૧૨૮૦૪ | ૧૬૧૩૪૯૫૯ | પુસ્તક, કાગળ | | |
| રૂમ બ્લોક ડીપોઝીટ | ૩૫૯૨૩૪૦ | ૪૩૬૮૩૪૦ | સ્ટોક, પ્રિન્ટીંગ | ૨૬૧૫૨૩૩ | ૨૭૮૬૧૭૫ |
| અન્ય દેવાં | ૨૬૭૧૯૯૩ | ૨૫૨૩૨૮૮ | જૈન સેવા સમિતી | ૧૩૧૩૪૨૦ | ૧૩૫૨૨૯૨ |
| જિર્ણોધ્ધાર | | | અન્ય લેણાં | ૮૯૮૫૦૫ | ૭૪૯૪૧૮ |
| જોગવાઈ ફંડ | ૬૭૦૦૦૦ | ૨૮૭૦૦૦૦ | રોકાણો | ૩૧૭૨૧૯૦૮ | ૩૭૦૭૩૦૦૦ |
| ઉપજ ખર્ચ | ૯૩૩૫૬૫૯ | ૯૩૭૦૭૫૯ | બેન્ક બેલેન્સ | ૪૪૭૪૪૬ | ૧૧૯૬૮૪૬ |
| | | | પુરાંત | ૧૩૩૦૧ | ૧૪૯૮૨ |
| | ૭૦૭૯૩૬૫૯ | ૭૭૩૬૧૫૮૭ | | ૭૦૭૯૩૬૫૯ | ૭૭૩૬૧૫૮૭ |

તા. ૧-૪-૨૦૦૪ થી તા. ૩૧-૩-૨૦૦૫ કુલ આવક વર્ષ દરમ્યાન

કાયમી ફંડોમાં ઉમેરો ૨૧૭૭૮૭૭ ધ્રુવફંડ ખાતે

ચાલુફંડોમાં ઉમેરો ૧૪૨૨૧૫૫ આ રકમ જે ખાતામાં હોય તે ખાતામાં વાપરવાની હોય છે

૩૬૦૦૦૩૨

આવક દાન ભંડાર ૫૮૦૩૧૦૪

૯૪૦૩૧૩૬

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કહાન સુર્ય દિગંબર જૈન ભોજન સમિતિ, સોનગઢ
## તા. ૩૧-૩-૨૦૦૫ નાં પુરા થતાં વર્ષનું આવક જાવક ખાતુ.

| આવક | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ભોજન આવક | ૧૪,૪૦,૨૧૩ | દુધ, શાકભાજી, બળતણ, પોસ્ટેજ, ટેલિફોન, પગાર, ઈલેકટ્રીકબીલ, કોઠાર વિગેરે. | ૨૪,૨૭,૦૦૭ |
| કાયમી જમણનાં ખર્ચનાં સ્વાધ્યાય મંદિર પાસેથી | ૨,૯૮,૧૪૮ | | |
| કોટા ફંડના વ્યાજનાં કાયમી ભોજનતિથિ તથા ધ્રુવફંડના | ૬,૬૮,૪૨૫ | ખર્ચ કરતાં આવકનો વધારો સરવૈયા | ૧,૬૦,૨૨૨ |
| બેન્ક વ્યાજ | ૧૧,૦૯૩ | | |
| ભંગાર વેચાણ | ૯,૪૬૯ | | |
| સાધારણ ગેસ્ટહાઉસ ભાડા આવક | ૧,૧૦,૭૬૧ | | |
| અન્ય આવક (કેશ વટાવ, રીક્ષા મેન્ટેશન વગેરે) | ૪૯,૧૨૦ | | |
| | ૨૫,૮૭,૨૨૯ | | ૨૫,૮૭,૨૨૯ |

## તા. ૩૧-૩-૨૦૦૫ના રોજ પુરા થતાં વર્ષનું સરવૈયુ

| ફંડ જવાબદારી | રકમ | મિલ્કત-લેણા | રકમ |
|---|---|---|---|
| સ્વામીવાત્સલ્ય ખુશાલી ફંડ | ૩,૬૦,૧૨૧ | કોઠાર સ્ટોક | ૫,૦૧,૦૯૯ |
| ઉપજ ખર્ચ ખાતુ | | અન્ય લેણાં | ૧૫,૦૦૦ |
| ગ.વ. મુજબ ૬,૯૫,૪૮૭ | | બેન્ક ઓફ ઈન્ડિયા એફ. ડી. | ૧,૭૩,૦૧૧ |
| ચાલુ સાલનો ૧,૬૦,૨૨૨ | ૮,૫૫,૭૦૯ | બેન્ક ઓફ ઈન્ડિયા સેવીંગ | ૩,૬૨૮ |
| અન્ય જવાબદારી | ૧,૧૨,૮૦૨ | ડેડ સ્ટોક | ૬,૦૫,૫૫૧ |
| રીક્ષાફંડ | ૧,૬૨,૫૦૧ | રીક્ષા | ૧,૮૮,૩૬૦ |
| | | પુરાંત | ૪,૪૮૪ |
| | ૧૪,૯૧,૧૩૩ | | ૧૪,૯૧,૧૩૩ |

# સુવર્ણપુરી સમાચાર :—

**શ્રી સીમંધર-જિનમંદિર-અષ્ટાહ્નિકા-મહોત્સવ :**—સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૬૬મો વાર્ષિક અષ્ટાહ્નિક ઉત્સવ તા. ૨૨-૨-૨૦૦૬, બુધવારથી તા. ૧-૩-૨૦૦૬, (ફાલ્ગુન સુદ ૨) બુધવાર સુધી છે. આ ઉત્સવ વીસ વિહરમાન જિનમંડલવિધાન, જિનેન્દ્રભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

**ફાલ્ગુની નંદીશ્વરી-અષ્ટાહ્નિકા :**—સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલયમાં તા. ૭-૩-૨૦૦૬, મંગળવારથી તા. ૧૪-૩-૨૦૦૬, મંગળવાર સુધી ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા વગેરે કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :**—શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયના વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, ગુરુવાર, તા. ૨-૩-૦૬ થી તા. ૬-૩-૦૬ સુધી આનંદોલ્લાસસહ પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ :**—ફાગણ સુદ ૧૩, રવિવાર, તા. ૧૨-૩-૨૦૦૬ના દિવસે શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

## ✻ સુરેન્દ્રનગરમાં ત્રિ-જિનાયતનનો મંગલ શિલાન્યાસ ✻

પરમ તારણહાર કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ઉપકારમહિમા પ્રકાશક પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ધર્મોપકારપ્રતાપથી સુરેન્દ્રનગરમાં નિર્માણાધીન સૂર્યકીર્તિ તીર્થધામ મધ્યે ત્રિ-જિનાયતન જેમાં (૧) શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, (૨) શ્રી સીમંધરાદિ વીસ વિદેહી જિનવર કમલાકાર દિગંબર જિનમંદિર તથા (૩) શ્રી સીમંધરસ્વામી માનસ્તંભનો મંગલ શિલ્યાન્યાસ મહોત્સવ આગામી મહા સુદ ૭, શનિવાર, તા. ૪-૨-૨૦૦૬ના શુભદિવસે સવારે ૯-૦૦ વાગે શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે.

શિલ્યાન્યાસ સ્થળ :

શ્રી સૂર્યકીર્તિ તીર્થધામ, શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર,

જુના જંકશન રેલ્વે ફાટકની પાસે, શ્રી મલ્લિનાથ એપાર્ટમેન્ટની સામે, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨

## ✻ સમ્યક્ત્વજયંતી-મહોત્સવ ✻

સ્વાનુભવવિભૂષિત ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૪મો સમ્યક્ત્વજયંતી મહોત્સવ શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ તરફથી સોનગઢમાં તા. ૨૦-૩-૨૦૦૬, સોમવારથી તા. ૨૪-૩-૨૦૦૬, શુક્રવાર (ફાગણ વદ ૧૦)—પાંચ દિવસનો રાખવામાં આવ્યો છે. આ મહોત્સવની નિમંત્રણપત્રિકા લેખનવિધિ સોનગઢમાં તા. ૫-૨-૨૦૦૬, રવિવારે રાખવામાં આવેલ છે.

પધારો! મંગલ મહોત્સવ! અવશ્ય પધારો!

ક્યાં?

ગુજરાત પ્રદેશની સુપ્રસિદ્ધ નગરી રાજકોટ શહેરમાં.

શું છે ત્યાં?

શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા આયોજિત
શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ

પ્રતિષ્ઠા છે કોની?

ભગવાન આદિનાથ, મહાવીરસ્વામી, સીમંધરસ્વામી, મુનીન્દ્ર બાહુબલી તથા
શ્રી નંદીશ્વર બાવન જિનાલયના શાશ્વત જિનવરોની.

પ્રતિષ્ઠા છે ક્યારે?

* મંગલ પ્રતિષ્ઠા-મહોત્સવ *

પોષ વદ ૧૩, શુક્રવાર, તા. ૨૭-૧-૨૦૦૬ થી માઘ સુદ ૬, શુક્રવાર, તા. ૩-૨-૨૦૦૬ .

વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ તથા નિજ શુદ્ધાત્મતત્ત્વની લોકોત્તર મહિમા આપણા હૃદયમાં ઉત્કીર્ણ કરવાવાળા પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તથા પોતાના સમ્યક્ જાતિસ્મરણ-જ્ઞાનવૈભવથી વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીનો આપણા ભરતક્ષેત્રમાં પદાર્પણ કરવાવાળાં પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ઉપકારપ્રતાપથી તથા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન આદરણીય શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહના મંગલ માર્ગદર્શન-અનુસાર સુસંપન્ન થવાવાળા આ ભવ્ય પંચકલ્યાણક–પ્રતિષ્ઠોત્સવમાં પધારવા માટે શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવકમંડળ, ટ્રસ્ટ રાજકોટ તરફથી પૂરા મુમુક્ષુસમાજને સાદર આમંત્રણ છે.

આ નૂતન દિગંબર જિનમંદિરના અંડર ગ્રાઉન્ડ ફ્લોર(ભૂમિને નીચે)માં શ્રી કુંદકુંદ-કહાન પ્રવચન કક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર(ભોયતળીયે)માં શ્રી આદિનાથ આદિ જિનભગવંતોની પ્રતિષ્ઠાવેદી તથા ઉપરના માળે શ્રી નંદીશ્વર બાવન જિનાલયની, રત્નમય પહાડોના પ્રતિકરૂપ કાચના અતિ ભવ્ય તથા દર્શનીય પર્વતોની રચનાનું નિર્માણ છે.

(પ્રતિષ્ઠા-મહોત્સવની મહત્વપૂર્ણ બોલી–ઈન્દ્રો, કુબેર વગેરેની બોલી–પ્રતિષ્ઠોત્સવના પહેલા દિવસે (તા. ૨૭-૧-૦૬, શુક્રવાર પોષ વદ ૧૩ના દિવસે) તથા પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની, ધર્મધ્વજારોહણની તથા પંચપરમેષ્ઠીમંડલ-વિધાનપૂજાના ઈન્દ્રોની બોલી તા, ૨૬-૧-૦૬, ગુરુવારના દિવસે બોલવામાં આવશે.)

સરનામું શું છે? પ્રતિષ્ઠામહોત્સવ-સ્થળ તથા કાર્યાલય : શ્રી નેમિનાથનગર (પ્રતિષ્ઠા-મંડપ)
બાલભવન, રેસકોર્સ, રાજકોટ (સૌરાષ્ટ્ર) મોબાઈલ : ૦૯૮૨૫૦૭૭૧૪૨, ૦૯૪૨૬૯૦૭૪૪૦

તો ચાલો! જરૂર ચાલો રાજકોટ!

અહા!– મંગલકારી શ્રી આદિનાથ આદિ જિનવર પધાર્યા છે,
જિનવર-પ્રાણપ્રતિષ્ઠા કરવા, ભવ્ય ભક્ત ઉભરાયા છે;
મંગલમય ઉપશમરસ મુદ્રા ભવિજન મુક્તિ દાઈ છે,
રાજકોટની ધન્ય ધરા પર, સ્વર્ણિમ ઘડીઓ આવી છે.

## ✻ જ્ઞાનમાં સંસ્કાર નાખ ✻

જ્ઞાયકને ભજતાં કોઈ 'દિ કોઈ પાછા પડ્યા છે? પાછા પડે એમ બને જ નહિ, એમ વીરવાણી કહે છે. એકલો ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ છે, એ ભગવાનનું મૂલ્ય છે, એક સમયની પર્યાયનું પણ મૂલ્ય નથી. ત્રિકાળ ભગવાન મૂલ્યવાન છે એના મૂલ્ય છે. જ્ઞાનમાં એના સંસ્કાર નાખ! તેનું ફળ તને આવશે, મુંઝાવા જેવું નથી. ભાઈ! જન્મ-મરણ રહિત થવાની વાતો બહુ અલૌકિક છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]
Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662
Copies : 5100